વિદ્યાસહાયક/શિક્ષણ સહાયક/
મુખ્ય શિક્ષકની ભરતી પ્રક્રિયામાં
નિમણૂકના ત્રણ વર્ષની અંદર
ઉમેદવારી કરવા માટેની
જોગવાઇઓ નક્કી કરવા બાબત

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક: પીઆરઇ/૧૧૨૦૧૭/સીગલફાઇલ-૬/ક
સચિવાલય, ગાંધીનગર
તારીખ ૨૨/૦૩/૨૦૧૭

વંચાણે લીધા:

(૧) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરીની તારીખ ૨૭/૦૨/૨૦૧૭ની સીગલ ફાઇલ દરખાસ્ત નંબર પ્રાશિનિ/નીતિ/સીગલફાઇલ/૨૦૧૭/૬/ક

(૨) નિયામકશ્રી, શાળાઓની કચેરીની તારીખ ૦૨/૦૩/૨૦૧૭ની સીગલ ફાઇલ દરખાસ્ત નંબર: અ-૧/માધ્ય/૩૨૨૩

આમુખ:

નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરીની ક્રમાંક:(૧) સામે વંચાણે લીધેલ તારીખ ૨૭/૦૨/૨૦૧૭ની સીંગલ ફાઇલ નંબર: પ્રાશિનિ/નીતિ/સીગલફાઇલ/ ૨૦૧૭/૬/કથી થયેલ દરખાસ્તમાં તથા નિયામકશ્રી, શાળાઓની કચેરીની ક્રમાંક:(૨) સામે વંચાણે લીધેલ તારીખ ૦૨/૦૩/૨૦૧૭ની સીગલ ફાઇલ નંબર: અ-૧/માધ્ય/૩૨૨૩ અન્વયે થયેલ દરખાસ્તમાં જણાવ્યા મુજબ પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયક તરીકે અને માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક તરીકે સીધી ભરતીથી ઉમેદવારોની નિમણૂંક કરવામાં આવે છે. તાજેતરમાં વિદ્યાસહાયકોની નિમણૂંક માટે કરવામાં આવેલી ભરતી પ્રક્રિયા દરમ્યાન જણાયેલ છે કે તે ભરતી પ્રક્રિયામાં લગભગ ૪૦ % જેટલા ઉમેદવારો એવા પસંદ થયા છે કે જેઓ હાલ વિદ્યાસહાયક તરીકે નોકરી કરે જ છે. આમ, નોકરી માટે પસંદગીનું સ્થળ મેળવવા માટે ઉમેદવારો દ્વારા વારંવાર અથવા દરેક ભરતી પ્રસંગે ઉમેદવારી નોંધાવવામાં આવતી હોવાથી નવા કે નીચા મેરીટવાળા ઉમેદવારોને તક મળતી નથી. અને લાયકાત ધરાવતા ઉમેદવારોને રોજગારી આપવાનો અને વિદ્યાસહાયકોની ખાલી રહેલી જગ્યાઓ ભરવાનો સરકારનો હેતુ સિધ્ધ થતો નથી.

૨. ઉપરની પરિસ્થિતિ નિવારવા પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયક તરીકે અને માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક તરીકે નિમાયેલ કર્મચારીઓ દરેક ભરતી પ્રસંગે ઉમેદવારી ન નોંધાવે તે સુનિશ્ચિત કરવાની આવશ્યકતા જણાયેલ હોઇ, પુખ્ત વિચારણાને અંતે વિદ્યાસહાયક/શિક્ષણ સહાયક/મુખ્ય શિક્ષકની ભરતી પ્રક્રિયામાં નિમણૂંકના ત્રણ વર્ષની અંદર ઉમેદવારી કરવા માટે નીચે મુજબની જોગવાઇઓ રાખવામાં આવે છે:

{1} કોઇ પણ નિમ્ન પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક/શિક્ષક કે ઉચ્ચ પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક/શિક્ષક કે મુખ્ય શિક્ષક કે શિક્ષણ સહાયક પોતે જે સંવર્ગમાં નોકરી કરે છે તે માટે કે અન્ય જગ્યા માટે અરજી કરે ત્યારે તેઓએ નિમણૂંક સત્તાધિકારી એટલે કે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/જિલ્લા શિક્ષણાધિકારી પાસેથી ઉમેદવારી નોંધાવવા માટે અરજી કરતાં પહેલાં "ના વાંધા પ્રમાણપત્ર" મેળવી લેવાનું રહેશે. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ આવી અરજી મળ્યેથી દિન-૭ માં "ના વાંધા પ્રમાણપત્ર" આપવાનો કે તેને નકારવાનો નિર્ણય, કારણ સહિત સંબંધિત શિક્ષકને લેખિતમાં જણાવવાનો રહેશે. શિક્ષકે પોતાની અરજી સાથે "ના વાંધા પ્રમાણપત્ર" ની નકલ બિડવાની રહેશે. 'ભરતી પસંદગી સમિતિ' એ અરજી સ્વીકારવાના પોતાના 'ઓનલાઇન' પ્રોગ્રામમાં આ બાબતે આનુષાંગિક ફેરફારો કરવાના રહેશે.

{2} કોઇ પણ વિદ્યાસહાયક/શિક્ષણ સહાયકે નવી નિમણૂંક મેળવ્યા બાદ 30 દિવસમાં રૂ. ૩,00,000/- (રૂપિયા ત્રણ લાખ પુરા)ની જામીનગીરી રજૂ કરવાની રહેશે. જો તે પોતાની નિમણૂંક તારીખથી ત્રણ વર્ષની મુદત દરમિયાન પોતે જે સંવર્ગમાં નોકરી કરે છે તે જ સંવર્ગમાં નિમણૂંક મેળવવા ત્રણ વર્ષ પહેલા રાજીનામુ આપે તો રૂ. ૩,00,000/-ની રકમ રાજ્ય સરકારમાં જમા કરાવ્યા બાદ જ તેઓનું રાજીનામુ મંજૂર કરવાનું રહેશે.

{3} જો કોઇ વિદ્યાસહાયક/શિક્ષણ સહાયક નિમણૂંક લીધા બાદ ત્રણ વર્ષની અંદર પોતે જે સંવર્ગમાં ફરજ બજાવે છે તે જ સંવર્ગમાં ફરીથી અરજી કરે તો ક્રમ (૧) માં સૂચવ્યા મુજબ "ના વાંધા પ્રમાણપત્ર" મેળવવાનુ રહેશે અને પસંદગી થયેથી જિલ્લા પસંદગી કરતાં પહેલાં ક્રમ (૨) માં જણાવ્યા મુજબની રકમ સરકારમાં ભરી રાજીનામુ આપી જિલ્લા પસંદગી કરવા ઉપસ્થિત થઇ શકશે. તે સિવાય જિલ્લા પસંદગી માટે ઉપસ્થિત થનાર ઉમેદવારને ભરતી સમિતિએ જિલ્લા પસંદગી કરવા દેવાની રહેશે નહી.

{4} જો કોઇ ઉમેદવાર પોતે હાલ વિદ્યાસહાયક/શિક્ષણ સહાયક તરીકે નોકરી કરે છે તે બાબત છુપાવીને અરજી કરે તો તેવા કિસ્સામાં માહિતી છુપાવવાની બાબત ધ્યાન ઉપર આવ્યા બાદ તેવા ઉમેદવારની ઉમેદવારી રદ કરવાપાત્ર થશે તેમજ સંબંધિત નિમણૂંક સત્તાધિકારીએ તેની વિદ્યાસહાયક/શિક્ષણ સહાયક તરીકેની હાલની નિમણૂંક નિયમ અનુસારની કાર્યવાહી કરી રદ કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિ. ટી. મંડોરા)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્રથી)
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- તમામ માન. મંત્રીશ્રીઓ/રા.ક.મંત્રીશ્રીઓ/સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રીઓ
- અગ્ર સચિવશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર